ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૯૩/૧૭-૧૮/ ૪૫૨૪ તારીખ: -6 OCT 2018

**કેસ નં.: ૯૩/૧૮-૧૯**

પ્રતિ,
**શ્રી ડાંગર કરશનભાઈ વાઘાભાઈ,**
ગામ : પરવાળા, તા. ઉમરાળા,
જી. ભાવનગર – ૩૬૪ ૩૨૦.
મો:

**વિષય : નવા ખેતીવાડી વીજ કનેક્શન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા. ૨૧.૦૮.૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં.બીઝેડ/ફોરમ/૯૩/૧૮-૧૯/૩૮૫૭ તા.૨૯.૦૮.૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં.બીઝેડ/ફોરમ/૯૩/૧૮-૧૯/૪૨૩૪ તા.૨૦.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૯/૦૯/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.
૦૫

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
**ગઢડા.**

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, બોટાદ.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, ધોળા.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૯૩/૧૮-૧૯ ☜

વાદી :– શ્રી કરશનભાઈ વાઘાભાઈ ડાંગર

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૨૯/૦૯/૧૮ ◈

હાજર રહયા :– પોતે

પ્રતિવાદી :– શ્રી પી.સી. પંચાલ. કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, ગઢડા.

શ્રી શ્રી કરશનભાઈ વાઘાભાઈ ડાંગર, મુ. પરવાળા, તા. ઉમરાળા,જી.બોટાદ ની નવા ખેતીવાડી વીજ કનેકશન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૩/૧૮-૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ ૯૩/૧૮-૧૯/૩૮૫૭ તા. ૨૯.૦૮.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૨૯.૦૯.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી પી. સી. પંચાલ, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, ગઢડા ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ**– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ વાદી દ્વાર નવા ખેતીવાડી વીજ કનેક્શન નાં અંદાજપત્ર તા.૨૩.૧૧.૨૦૧૭ નાં રોજ ભરપાઈ કરેલ છે.

૧.૨ પરંતુ મારી વાડીમાં વીજ પોલ ઉભા કરવા માટે શ્રી, ડાંગર જીવાભાઈ પાંચાભાઈ અને શ્રી, ડાંગર કરશનભાઈ દેવાભાઈ અને બંને લોકોએ સાથે મળીને હેરાન પરેશાન કરેલ છે.પી.જી.વી.સી.એલ.કચેરી નાં અધિકારીને ગેરમાર્ગે દોરેલ છે.

૧.૩ આ નવા વીજ કનેકશનના પોલ સરકારી પડતર જમીનમાં આવે છે અને જે લોકો વાંધો વિરોધ કરે છે તે લોકોની જમીનમાં એક પણ પોલ આવતો નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઈ થયા બાદ ઘોળા પેટા વિભાગીય દ્વારા અરજદાર ની વાડીએ પોલ કાટ કરાવેલ અને કોન્ટ્રાક્ટર દ્વારા પોલ ઉભા કરતી વખતે અરજદારની વાડીમાં બાજુમાં આવેલ શેઢા પડોશીઓ શ્રી કરશનભાઈ દેવાભાઈ ડાંગર અને શ્રી જીવાભાઈ પાંચાભાઈ ડાંગર દ્વારા આ થાંભલા ઉભા કરવા દીધેલ નહિ અને સદર જગ્યા તેઓની માલિકીમાં હોય તે અંગેના ૭/૧૨ સાથે વાંધા અરજી તા.૨૨.૧૨.૨૦૧૭ અને તા.૧૫.૦૧.૨૦૧૮ નાં રોજ ઘોળા પેટા વીભાગીય કચેરીએ એ રજુ કરેલ.

૨.૨ જેથી સદર વાંધો દુર કરવા ઘોળા પેટા વીભાગીય કચેરીના જુનીયર ઈજનેર શ્રી વી.કે. રાઠવા રૂબરૂ સ્થળ ઉપર ગયેલ અને સ્થળ રોજકામ કરેલ. સ્થળ ઉપર તેઓએ અરજદાર શ્રી, કરશનભાઈ વાઘાભાઈ ડાંગર ને ફોન કરી રૂબરૂ હાજર રહેવા જણાવેલ પરંતુ તેઓ સ્થળ પર હાજર રહેલ નહી. તેમજ રી સર્વે કરતા જણાવેલ કે આ વીજ જોડાણ શ્રી કરશનભાઈ દેવાભાઈ ડાંગર ની વાડીમાંથી ટેપિંગ લઇને વીજ લાઈન ઉભી થઈ શકે તેમ છે પરંતુ શ્રી કરશનભાઈ દેવાભાઈ ડાંગર દ્વારા પણ વાંધા અરજી આપવામાં આવેલ હોય તે લાઈન ઉભી થાય તેમ ન હતી.

૨.૩ ઉપરોક્ત પ્રયત્ન કરવા છતા શ્રી કરશનભાઈ વાઘાભાઈ ડાંગરનું ખેતીવાડી વીજ કનેક્શન નું લાઈનકામ થઈ શકેલ નહી. જેથી સદર કેસ ને ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ સાહેબની (ડી.એમ.ઓફીસ) કચેરી ભાવનગરને જાવક નં.ડીએસડી/ટેક/૨૨૭૧ થી તા.૨૨.૦૩.૨૦૧૮ નાં રોજ રીફર કરેલ છે. અને અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી, ભાવનગર દ્વારા સદર કેસની પ્રથમ સુનાવણી તા.૧૭.૦૭.૨૦૧૮ નાં રોજ ભાવનગર ખાતે મુકરર કરેલ.

૨.૪ તા.૧૭.૦૭.૨૦૧૮ નાં ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ સાહેબની કચેરી માં સુનાવણી વખતે નાયબ ઈજનેર ઘોળા ને ફરીથી સ્થળ ઉપર જઈ ગ્રાહક તેમજ વાંધો લેનાર પક્ષકારો ને સાથે રાખી ફરીથી સર્વે કરી સદર બાબતનો નિકાલ લાવવાની મૌખિક સુચના આપવામાં આવેલ તે સંદર્ભે નાયબ ઈજનેર ઘોળાએ દ્વારા તા.૨૫.૦૭.૨૦૧૮ નાં રોજ સુચના મુજબ તમામ ને હાજર રાખી રીસર્વેની કામગીરી હાથ ધરવામાં આવેલ અને સદર દિને સ્વેછીક સંમતી સંદર્ભે ગ્રાહકના ખેતરમાંથી જ બીજી જગ્યાએથી લાઈન ઉભી કરી વીજ જોડાણ આપવાનું નક્કી કરેલ.

૨.૫ સદર દિને નક્કી થયેલ હોવા છતાં શ્રી. કરશનભાઈ વાઘાભાઈ ડાંગર (જેમનુ વીજ કનેક્શન મંજુર થયેલ છે તે અરજદાર) એ તેઓના ખેતરના શેઢા ઉપર વીજ લાઈન પસાર નહિ કરવા જણાવેલ. તેના સંદર્ભે નાયબ ઈજનેર, ઘોળા પેટા વિભાગીય કચેરી, દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબની કચેરી ભાવનગરને સદર હકીકતલક્ષી બાબત નો જાણ કરતો પત્ર જાવક નં. ડીએસડી/ટેક/૩૬૭૬ થી તા. ૩૦.૦૭.૨૦૧૮ નાં રોજ પાઠવેલ.

હાલ સદર કેસ ડીસ્ટ્રીકટ મેજિસ્ટ્રેટ સાહેબની(ડી.એમ.ઓફીસ) કચેરીમા પડતર હોય અને જે અંગેનો કોઈ આખરી હુકમ મળેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :**– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

3.1 વાદી અરજદાર શ્રી કરશનભાઈ વાઘાભાઈ ડાંગર ગામ પરવાળા સર્વે નંબર ૨૪ પેકી ૨માં ખેતીવાડીનું નવું વીજ જોડાણ માંગેલ. પ્રતિવાદીએ વાદીને અંદાજપત્ર ફાળવતા તા. ૨૩.૧૧.૨૦૧૭ના રોજ વાદીએ અંદાજપત્ર ભરપાઈ કરી આપેલ.

3.૨ વાદીએ માંગેલ મુજબ નવા વીજ જોડાણની કાર્યવાહી માટે પ્રતિવાદીએ પોલ ઉભા કરાવવાનું કામ શરુ કરેલ પરંતુ વાદીની બાજુના ખેતરવાળા કરશનભાઈ દેવાભાઈ ડાંગર અને જીવાભાઈ કરશનભાઈ ડાગરએ વાંધો લઇ પોલ ઉભા કરવા દીધેલ નહિ અને ત્યાર બાદ તા. ૨૧.૦૨.૧૭ અને તા. ૧૫.૦૧.૧૮ના રોજ પ્રતિવાદીને લેખિત વાંધા અરજી રજ કરેલ.

3.3 વાદીના વીજજોડાણ માટે કામ શરૂ થઇ શકેલ નહિ તેમજ ફીલ્ડ ઓબ્જેક્શન આવવાથી તા. ૨૩.૦૩.૧૮ના રોજ પ્રતિવાદીએ અધિક જીલ્લા મેજિસ્ટ્રેટની કચેરીમાં લેખીત રજૂઆત કરેલ. જેની પ્રથમ સુનાવણી તા. ૧૭.૦૭.૧૮ના રોજ અધિક જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કરવામાં આવેલ.

3.૪ વાદીના વીજ જોડાણ માટેનો કેસ અધિક જીલ્લા મેજિસ્ટ્રેટની કચેરીમાં પડતર હોય, જી.ઈ.આર.સી. નોટી. નં ૨/૨૦૧૧ ના ક્લોઝ નં ૨.30 (૧) મુજબ " સમાન બાબતને લગતી કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે અન્ય કોઈ તંત્ર સમક્ષ બાકી હોય તેવા કેસોમાં વાદી ફોરમનો સંપર્ક કરવા હકદાર રહેતો નથી."

**<u>–:: હુકમ ::–</u>**

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે આથી

  **"તારણ નં.૩.૪, મુજબ વાદી ફોરમનો સંપર્ક કરવા હકદાર રહતો ન હોવાથી વાદીની અરજી રદ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–30 માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.3, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.** |

તારીખ :–૨૯.૦૯.૧૮.

Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.